ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૬-૨૭/ ૧૦૨૭૬ - ૧૦૩૬૧

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા.30/૧૦/૨૦૨૬

પરિપત્ર

વિષય: નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS) વર્ષ ૨૦૨૬-૨૭ પરીક્ષાના આવેદનપત્રો ભરવા માટેનો સમયગાળો લંબાવવા બાબત.

સંદર્ભ:-(૧) અત્રેની કચેરીના તા.૧૨/૧૦/૨૦૨૬ ના જાહેરનામા ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૬/૯૫૩૪-૯૭૪૪

(૨) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક:રાપબો/ NMMS/૨૦૨૬-૨૭/૯૮૫૪-૫૬ તા.૨૩/૧૦/૨૦૨૬

ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત ૧(એક) ના જાહેરનામાથી નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS)પરીક્ષા વર્ષ ૨૦૨૬-૨૭ માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તા.૧૫/૧૦/૨૦૨૬ થી તા.૨૪/૧૦/૨૦૨૬ દરમિયાન ઓનલાઇન ભરવાના ચાલુ હતા અને સંદર્ભદર્શિત ૨(બે) ના પરિપત્રથી આવેદનપત્રો ઓનલાઇન ભરવાનો સમયગાળો તા.30/૧૦/૨૦૨૬ અને ઓનલાઇન ફી ભરવાનો સમયગાળો તા.૩૧/૧૦/૨૦૨૬ સુધી લંબાવવામાં આવેલ હતો

હવે ઓનલાઇન આવેદનપત્રો અને ફી ભરવાનો સમયગાળો તા.૦૫/૧૧/૨૦૨૬ સુધી લંબાવવામાં આવે છે. આ પરીક્ષા અંગેની અન્ય વિગતો ઉક્ત સંદર્ભદર્શિત એક(૧) ના જાહેરનામાં મુજબ યથાવત રહેશે.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

➢ **નકલ રવાના અમલાર્થે**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,(તમામ)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
  જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.
- શાસનાધિકારીશ્રી, તમામ, આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ.
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- મેનેજરશ્રી, બીલડેસ્ક, અમદાવાદ